કર્મયોગીઓને એરીયર્સનો પાંચમો હપ્તો રોકડમાં

ગાંધીનગર, તા. ૨૮

સરકારી કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અંતર્ગત પગાર તફાવતનો પાંચમો અને છેલ્લા હપ્તાની રકમ રોકડમાં ચૂકવવાનો સરકારે નિર્ણય કરતાં કર્મચારીઓમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

કેન્દ્રના ધોરણે રાજ્યના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા માટે રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચનો અમલ કરવાનો નિર્ણય કર્યો હતો જે અંતર્ગત છઠ્ઠા પગાર પંચનો અમલ કરતાં કર્મચારીઓને આપવાના થતાં પગાર તફાવતના નાણાં પાંચ વર્ષમાં હપ્તે ચૂકવવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હતો.

રાજ્ય સરકારે અત્યાર સુધીમાં પગાર તફાવતના ચાર હપ્તાઓ કર્મચારીઓને ચૂકવી આપ્યા હતા જ્યારે પાંચમો અને છેલ્લો હપ્તો ચૂકવવાની મુદત ગત માર્ચ-૨૦૧૩માં પુરી થઈ હતી. જેથી નાણા વિભાગ દ્વારા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અંતર્ગત પગાર તફાવતના પાંચમો અને છેલ્લો હપ્તો રોકડમાં ચૂકવવા અંગેની એક દરખાસ્ત તૈયાર કરીને રાજ્ય સરકારની મંજુરી અર્થે રજુ કરવામાં આવી હતી.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણાં વિભાગ દ્વારા કર્મચારીઓને એરીયર્સ રોકડમાં ચૂકવવા રજુ કરેલી દરખાસ્તને રાજ્ય સરકારે સ્વીકારીને પાંચમો અને છેલ્લો હપ્તો રોકડમાં ચૂકવવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી બે ત્રણ દિવસમાં જ રાજ્ય સરકાર અંગેનો નિર્ણય લઈને જાહેર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છઠ્ઠા પગાર પંચ અંતર્ગત કર્મચારીઓને એરીયર્સ પેટે પાંચમો અને છેલ્લો હપ્તો રોકડમાં ચૂકવવામાં આવે તો રાજ્યની તીજોરી પર અંદાજે તેરસો કરોડનો બોજો પડે તેવી શક્યતા સેવાઈ રહી છે.

પ્રિ-મોન્સુન એક્ટીવીટી : વાતાવરણમાં પલ્ટો

ગાંધીનગર, તા. ૨૮

ચોમાસાના આગમનના એંધાણ ધીમે ધીમે મળી રહ્યા છે. ગાંધીનગરની જેમ જ સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં વાતાવરણ પલ્ટાયું છે. પવનની દિશા બદલી છે, ગતિ આવતા તાપમાનમાં ઘટાડો થયો છે. હજુ અઠવાડિયા અગાઉ જ ૪૨-૪૩ ડિગ્રી ગયેલુ મહત્તમ તાપમાન ઘટી કારણે બફારો ખુબ થાય છે અને પરસેવાથી સૌ કોઈ હેરાન થઈ જાય છે. મહત્તમ તાપમાન ઘટ્યું છે. પરંતુ લઘુત્તમ તાપમાન ઘટતુ ન હોવાથી રાત્રે પણ વસાહતીઓ પરસેવાથી પરેશાન રહે છે. હવે સૌ કોઈ ચોમાસાની રાહ જોઈ રહ્યા છે.

અરબી સમુદ્રમાં મહારાષ્ટ્ર નજીક અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન છવાતા આગામી દિવસોમાં અનેક સ્થળોએ વરસાદ પડે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હિન્દ મહાસાગર અને છેલ્લા કેટલાક દિવસોથી દેશના ઘણા વિસ્તારોમાં અંગ દઝાડતી ગરમીએ માઝા મુકી છે. અને લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ચોમાસાનું અંદમાન નિકોબાર ટાપુ ઉપર આગમન થઈ ચુક્યું છે. કેરળ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, સહિતના હિંદ મહાસાગરના વિસ્તારોમાં પ્રિમોન્સુન વરસાદની શરૂઆત થઈ ચુકી છે. હવામાન ખાતાએ એક યાદીમાં જણાવ્યું છે કે મહારાષ્ટ્ર નજીક અરબી સમુદ્રમાં અપર એર સાઈક્લોનીક વરસાદ પડે તેવી પણ હવામાન ખાતાની આગાહીમાં જણાવ્યું છે. ચોમાસુ અંદમાન, નિકોબાર ટાપુ પરથી હિંદ મહાસાગરમાં ફેલાઈ ગયું છે અને પૂર્વોત્તર અનેક રાજ્યમાં વરસાદ પડે તેવી સંભાવના છે. ચોમાસાની તૈયારીના ભાગરૂપે સમુદ્ર કિનારાના વિસ્તારોમાં પવન ફુંકાઈ રહ્યો છે.

અત્રે નોંધનીય છે કે સામાન્ય રીતે ગરમીના સમયે ઉત્તર પશ્ચિમી પવન ફુંકાતા હોય છે. અને ચોમાસુ સક્રિય થાય ત્યારે દક્ષિણ, પશ્ચિમી પવન ફુંકાતા

ચોમાસુ હજુ દુર પરંતુ પવન બદલાયો, આછા વાદળો છવાયા : ઘટતુ તાપમાન

પાટનગરને આકરી ગરમીથી છૂટકારો મળી રહ્યો છે. જો કે બાફના કારણે થતો પરસેવો પરેશાનીનું કારણ બની રહ્યો છે. વાદળછાયુ વાતાવરણ ચોમાસાની છડી પોકારી રહ્યું છે. વધી છે અને વાદળછાયુ વાતાવરણ સર્જાયુ છે. ક્યાંક ક્યાંક તો વરસાદી ઝાપટા પણ પડ્યા છે. ગાંધીનગરમાં વહેલી સવારે આકાશમાં વાદળો દેખાય છે. સવારના સમયે જ વાદળો રહ્યું છે. છેલ્લા ત્રણ દિવસથી તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ જ ફરી રહ્યું છે. આજે મહત્તમ તાપમાન ૩૯.૮ ડિ.સે. જેટલુ નોંધાયું હતું.

જો કે વાદળછાયા વાતાવરણના અંદમાન નિકોબાર ટાપુઓ ઉપર ચોમાસુ જામ્યું છે. કેરળમાં ચોમાસા પૂર્વે ૨ ઈંચ કરતા વધુ વરસાદ પડે તેવી આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. સરક્યુલેશન છવાયું છે. જેની અસર હેઠળ મહારાષ્ટ્ર સહિત અનેક વિસ્તારોમાં વરસાદ પડે તેવી સંભાવના છે. કેરળ સહિત તટીય વિસ્તારોમાં બે ઈંચ કરતા વધુ હોય છે. હાલ દક્ષિણ તરફથી પવન ફુંકાય છે. જો કે તે સામાન્ય કરતા પાંચ દિવસ વહેલા છે. જેના કારણે સમય કરતા બે થી ત્રણ દિવસ ચોમાસુ સક્રિય થાય તેવી શક્યતા છે.

બે કલાક સુધી યુવાનના પેટમાં પોરવાયેલુ ચપ્પુ બહાર કઢાયું...!

ડૉ. અશોક સોમાણીએ એક કલાકમાં કોમ્પ્લીકેટેડ ઓપરેશન સફળતાથી પાર પાડયુ : માનસિક બિમારીથી પીડાતા ધણપ ગામના યુવાને જાતે જ પોતાના પેટમાં ચપ્પુ ભોંકી દીધું હતું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક આવેલા ધણપ ગામમાં રહેતા એક માનસિક બિમારીથી પીડાતા યુવાને પોતાના જ પેટમાં ધારદાર ચપ્પુ પોરવી દીધું હતું. ચિલોડા પાસેની ખાનગી હોસ્પિટલમાં ગંભીર હાલતમાં લઈ જવા છતાં કેશ

હાથમાં ન લેવાતા યુવાનને સે-૭માં સ્થિત અક્ષર હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. આંતરડા અને ધોરી નસની બાજુમાં જ ખુંપી ગયેલું ચપ્પુ થોડા જ સમયમાં બહાર કાઢી શસ્ત્રક્રિયા કરવામાં ન આવી હોત તો કદાચ કેશ ફેઈલ થઈ ગયો હોત. ખુબ જ કોમ્પ્લીકેટેડ આ ઓપરેશને ડૉ. અશોક સોમાણીએ એક જ કલાકમાં સફળતાથી પાર પાડીને ઘાયલ યુવાનને મોતનાં મોંમાંથી બહાર નિકાળવામાં આવ્યો હતો.

ધણપ ગામમાં રહેતા ૪૦ વર્ષીય ભીખાજી જલુજી ઠાકોર ઘણાં સમયથી માનસિક બિમારીથી પીડાય છે. બિમારીની દવાઓ પણ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. આ યુવાન ભીખાજીએ ગઈ કાલે બપોરના અરસામાં એક ધારદાર ચપ્પુ લઈને પોતાના જ પેટમાં પોરવી દીધું હતું. ગંભીર હાલતમાં તેને ચિલોડાની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ હાલત ગંભીર હોવાથી તેને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. બે કલાક જેટલો સમય યુવાનના પેટમાં ચપ્પુ પોરવેલી હાલતમાં રહ્યું હતું. અંતે યુવાનને ગાંધીનગર પથિકાશ્રમ પાસે આવેલી ખાનગી હોસ્પિટલ અક્ષર હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલના ડૉ. અશોક સોમાણીએ ચેકપ કરતાં જણાવ્યું હતું કે તાત્કાલિક ઓપરેશન કરવું પડે તેવી સ્થિતિ હતી. યુવાનના પેટમાં એવી રીતે ચપ્પુ ભોંકાયેલું હતું કે આંતરડા અને મુખ્ય ધોરી નસની બાજુમાં જ ચપ્પુ ખુંપાયેલું હતું. સત્વરે ઓપરેશન કરીને ચપ્પુ નિકાળવામાં ન આવે તો જિંદગી જોખમમાં હતી. એક કલાકમાં સફળ શસ્ત્રક્રિયા કરીને ડૉ. અશોક સોમાણીએ ગંભીર હાલતમાં આવેલા યુવાનને નવી જિંદગી અર્પણ કરી હતી...!

ઈશરત જહાં કેસમાં સીબીઆઈએ સરકારી વકીલને સમન્સ પાઠવ્યું

ગાંધીનગર, તા. ૨૮

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસ કરી રહેલ સી.બી.આઈ.એ આજે સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટને સમન્સ પાઠવીને પુછપરછ માટે બોલાવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગુજરાતના બહુચર્ચીત ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસની તપાસ કરી રહેલ સી.બી.આઈ.એ આજે સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટને સમન્સ પાઠવીને પુછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. સરકારી વકીલને પુછપરછ માટે સમન્સ પાઠવતા આ કેસમાં નવો વળાંક આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કેસમાં સી.બી.આઈ.એ ૯૦ દિવસમાં ચાર્જસીટ રજુ ન કરતાં જી.એલ. સિંઘલ સહીત ત્રણ અધિકારીઓને ગઈ કાલે કોર્ટે જામીન આપ્યા હતા.

ગુડા વિસ્તારમાં અદ્યતન લાયબ્રેરી

વાતાનુકુલિત અને આધુનિક સુવિધા ધરાવતી લાયબ્રેરી સમગ્ર રાજ્યમાં નમૂનારૂપ બનશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજા વિસ્તારને રળિયામણો બનાવવા હરિયાળા ઉદ્યાનો અને પિકનિક સ્પોટ સમાન તળાવ બનાવવાના કામો હાથ ધરાયા છે. બીજી તરફ સ્ટુડન્ટ્સ માટે અદ્યતન લાયબ્રેરીનું નિર્માણ કરવાનું કામ પણ ટૂંકમાં હાથ ધરાશે. વાતાનુકુલિત લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓ માટે પુસ્તકો ઉપરાંત બ્રોડ-બેન્ડની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધા ઉપલબ્ધ કરવા તંત્ર હરકતમાં આવ્યું છે. આ ઉપરાંત વિકાસના નવતર અભિગમ સાથે અનેકવિધ લોકઉપયોગી કામોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પાણી-ગટરની સુવિધા ઉપરાંત બગીચા, માર્કેટ અને સોલાર સ્ટ્રીટ લાઈટના કામોનું આયોજન હાથ ધરી ગુડાના ટી.પી. વિસ્તારની રોનક નિખારવામાં આવી છે. બીજીતરફ અભ્યાસમાં જોતરાયેલા વિદ્યાર્થીઓને વાંચન માટે શ્રેષ્ઠ સુવિધા મળી રહે તેવું આયોજન કરવામાં આવનાર છે. પોતાના ઘરમાં કે નાના ફ્લેટમાં શાંતિપૂર્વક અભ્યાસમાં ખલેલ અનુભવતા સ્ટુડન્ટસ માટે અદ્યતન લાયબ્રેરી બનાવવાનો નિર્ણય લેવાયો છે. લાયબ્રેરી માટે ડીઝાઈન તૈયાર કરવાનું કામ પણ શરૂ કરી દેવાયું છે. આગામી દિવસોમાં સ્થળ પસંદગી પણ કરી દેવાશે. ગુડાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર વિદ્યાર્થીઓને અદ્યતન સુવિધા પુરી પાડવા વાતાનુકૂલિત લાયબ્રેરીમાં પાઠ્યપુસ્તકો ઉપરાંત વાઈ-ફાઈ તેમજ બ્રોર્ડ-બેન્ડની સુવિધા પણ સામલે હશે. સમગ્ર રાજ્યમાં આ લાયબ્રેરી નમૂનારૂપ હશે.

દિનશા પટેલની મુખ્યમંત્રી સાથેની મુલાકાતથી રાજકીય તર્ક-વિતર્કો

ગાંધીનગર, તા. ૨૮

કેન્દ્ર સરકારના કોલસા રાજ્યમંત્રી દિનશા પટેલે આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત લેતા અનેક રાજકીય તર્કવિતર્કો વહેતા થતાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

ગુજરાત કોંગ્રેસના નેતા અને હાલમાં કેન્દ્ર સરકારમાં કોલસા રાજ્યમંત્રી દિનશા પટેલ આજે એક દિવસના ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. આ દરમ્યાન આજે બપોર બાદ દિનશા પટેલ સચિવાલયના સ્વર્ણિમ સંકુલ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીની મુલાકાત લીધા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં કેન્દ્રીયમંત્રી દિનશા પટેલે આ મુલાકાતને શુભેચ્છા મુલાકાત કરી હોવાનું જણાવ્યું હતું.

આગામી લોકસભાની ચૂંટણીઓ આડે હવે માત્ર એક વર્ષ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે અચાનક જ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત લેતા પાટનગર ગાંધીનગરમાં અનેક રાજકીય તર્કવિતર્કો વહેતા થવા પામ્યા છે.

રાજકીય વર્તુળોમાં દિનશા પટેલની મુલાકાતને રાજકીય મુલાકાત હોવાનું ચર્ચાઈ રહ્યું છે. દિનશા પટેલ આગામી લોકસભા ચૂંટણી પૂર્વે કોઈ મોટો રાજકીય પગલુ ભરવાનો નિર્ણય લે તેવી પણ ચર્ચાઓ વહેતી થવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાનના દાવેદાર છે. ત્યારે આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠકો પર વિજય મેળવવા માટે ગુજરાત કોંગ્રેસના વરીષ્ઠ

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

સામુહિક સ્કેટીંગ - કડી કેમ્પસના મમતા સ્પોર્ટસ દ્વારા વેકેશન દરમિયાન આયોજીત સમર કેમ્પમાં બાળકોને સ્કેટીંગની તાલીમ અપાય છે... સમર કેમ્પ દરમિયાન તાલીમ લીધેલ વિદ્યાર્થીની સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહભર ભાગ લીધો હતો....

ડ્રેનેજ લાઈનમાં કચરો ઉભરાય છે!!

પ્લાસ્ટીકની કોથળીઓ, ડીસ્પોઝીબલ ગ્લાસ અને ચમચી જેવા વાસણો પણ ઉલેચવા પડે છે!

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં ગટરો ઉભરાવવાના મામલે તંત્રએ અપૂરતા સાધનો અને મેનપાવર વચ્ચે મંદગતિએ ફરિયાદો નિવારવાનો વારો આવ્યો છે ત્યારે ગટર સફાઈની કામગીરી દરમિયાન પ્લાસ્ટીકની કોથળીઓ, ડીસ્પોઝેબલ ગ્લાસ અને ચમચી જેવા વાસણો નિકળતા તંત્ર પણ તોબા પોકારી ગયું છે. સેક્ટરવાસીઓ લાઈનમાં ડસ્ટબીનનો કચરો ન ઠાલવે તે મામલે જનજાગૃતિ કેળવવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

શહેરના સેક્ટરોમાં રહીશોના ઘર આંગણે ગટરો ઉભરાવવાની ફરિયાદો તંત્ર માટે શિરદર્દ સમાન બની છે. ટાંચા સાધનો અને મેનપાવરના અભાવ વચ્ચે તંત્રનો સ્ટાફ ફરિયાદ નિવારવા મથામણમાં છે. બીજી તરફ ગટર સફાઈની કામગીરીને અસરકારક અને ઝડપી બનાવવા રૂ. ૪૦ લાખના ખર્ચે નવા સાધનો ખરીદવાનો પણ નિર્ણય લેવાયો છે. બીજી તરફ ગટર લાઈનની સફાઈ દરમિયાન તંત્રએ ડસ્ટબીનનો કચરો ઉચેલવાનો વારો આવ્યો છે. ચોકકસ ગટરલાઈનની સફાઈ દરમિયાન પ્લાસ્ટીકની કોથળીમાં, ડીસ્પોઝીબલ ગ્લાસ તેમજ ચમચી જેવા વાસણો નીકળતા ગટરલાઈનનો ઉપયોગ નાગરિકો જાણે ડસ્ટબીન માટે કરતા હોવાનું ધ્યાને આવ્યુંછે. આવા સંજોગોમાં ચોકઅપની ફરિયાદો નિવારવા સ્થાનિક રહીશોને પણ આ પ્રકારનો કચરો ડ્રેનેજ લાઈનમાં ન નાંખવા જણાવાયુંછે. બીજી તરફ સેકટરવાસીઓ પણ આ મામલે થોડીપણ દરકાર ન લેતા તંત્રના અધિકારીઓ તોબા પોકારી ગયા છે.

આવાસોની છત ટપકતી અટકાવવા માત્ર ૭.૫૦ લાખનો ખર્ચ થશે

સે. ૧૬, ૧૭, ૧૨ અને સે. ૧૯માં ધાબા રીપેરીંગનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં સરકારી આવાસના ધાબામાંથી થતા લીકેજીસની સમસ્યા ડામવા અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સે. ૧૬, ૧૭, તેમજ સે. ૧૨ અને ૧૯માં સ્થિત સરકારી ક્વાટર્સમાં ધાબામાં સમારકામ હાથ ધરવા રૂ. ૭.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

વરસાદી દિવસો માથે છે ત્યારે તંત્ર પણ પ્રિ-મોન્સુન કામગીરીમાં વ્યસ્ત છે. ચોમાસા પૂર્વે તાકીદના પગલા હાથ ધરવા પ્રિ-મોન્સુન એક્ટીવીટીજનો પ્લાન તૈયાર કરી દેવાયો છે. જેમાં શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ ઉપરાંત સેક્ટરોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે માટીની ગટરો બનાવવાની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. જ્યારે શહેરમાં સ્થિત હજારો સરકારી આવાસોમાં પણ પાણી લીકેજીસની સમસ્યાને ડામવા ધાબાની વોટરલાઈન સાફ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા આવાસોમાં છતમાંથી પાણી ટપકતું અટકાવવા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન આવાસોના ધાબાને લીક થતા અટકાવવા ધાબા રીપેરીંગની કામગીરી હાથ ધરાશે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સે. ૧૨, ૧૬, ૧૭ અને સે. ૧૯માં સ્થિત આવાસોના ધાબામાં જરૂરી રીપેરીંગ કામ હાથ ધરવા તંત્ર દ્વારા રૂ. ૭.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. જ્યારે આગામી ચોમાસા પૂર્વે આ કામગીરી પૂર્ણ કરી દેવાશે.

શ્રદ્ધાંજલિ



સ્વ. અમૃતભાઈ ધુળભાઈ દરજી
(રીટાયર્ડ : ડ્રાફ્ટમેન નેશનલ હાઈવે)
સ્વ. તા. ૨૮-૫-૨૦૧૩

આપનો મળતાવડો સ્વભાવ, સિંહ જેવી ગર્જના, બીજાને મદદ કરવાની ભાવના, ધર્મપ્રેમી, પરોપકારી, હસમુખો સ્વભાવ, સર્વેને આવકારનાર, અણધારી વિદાય લઈ અમ હૃદયને રડાવનારા, દરજીભાઈને અમો ભૂલી શકીએ તેમ નથી.

પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે તેજ પ્રાર્થના...

લિ.
પટેલ કાર્તિકભાઈ માધવલાલ
પટેલ કાર્તિક (લાલી) કાર્તિકભાઈ
તથા સહપરિવાર
પ્લોટ નં. ૯૮૮/૨, સેક્ટર-૭સી, ગાંધીનગર

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૩૧-૫-૧૩, શુક્રવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૪ S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

મળશે નહી

સેક્ટર-૧૭, ગાંધીનગરના
કાન-નાક-ગળાના સર્જન
ડો. છાટબાર
બહાર ગામ જતા હોવાથી તા. ૨૯-૫-૧૩ થી તા. ૧૨-૬-૧૩ સુધી મળી શકશે નહીં. ત્યાર બાદ રાબેતા મુજબ મળશે.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com